# મે.સુરતનાં મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ (મેઈન)
# શ્રી વિમલ કે.વ્યાસ સાહેબની કોર્ટમાં, મુ.સુરત

## હુકમનામું/ એવોર્ડ

**મોટર એકસીડન્ટ કલેઈમ પીટીશન નં.૨૭૭/૨૦૨૧**

**આંક : ૨૪**

અરજદાર : (૧) દર્શના પ્રવિણભાઈ જોગડીયા
ઉ.આ.વ.૨૧, ધંધો : નોકરી
રહે.૧૮૭, જલારામનગર, ગણેશપુરાની સામે,
અમરોલી, સુરત.

**અરજદાર નાં વકીલ : શ્રી ડી.પી.પટેલ**

## વિરૂધ્ધ

સામાવાળા : (૧) સુરેશભાઈ ભીમજીભાઈ ધામેલીયા
ઉ.આ.વ.૫૧, ધંધો : એલ.આઈ.સી.એજન્ટ,
રહે.ઘર નં.૧૬, લક્ષ્મીબા રો હાઉસ–૨, સાધના સોસાયટી,
પટેલ પ્રમુખ સોસાયટી પાસે, સનીયા રોડ, સુરત.

(૨) રોયલ સુન્દરમ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી.
ઠે.૫૧૦, પાંચમો માળ, ટવેન્ટી ફર્સ્ટ સેન્ચ્યુરી બિલ્ડીંગ,
રીંગરોડ, સુરત–૩૯૫૦૦૨

**સામાવાળા નં.૨ તર્ફે વકિલ શ્રી પી.એન.પટેલ**

**ફરીયાદ દાખલ કર્યા તારીખ : ૦૫–૦૮–૨૦૨૧**
**ફરીયાદ ફેંસલ કર્યા તારીખ : ૧૧–૦૨–૨૦૨૩**

**દાવો : મોટર વ્હીકલ એકટ ની કલમ નં.૧૬૬ મુજબ**
**વળતર ની રકમ રૂા.૫,૦૦,૦૦૦/– મેળવવા બાબત..**

અરજદારની અરજ એવી છે કે, તા.૧૦–૦૬–૨૦૨૧નાં રોજ ૧૪:૩૦ કલાકે ડુમસ ચોપાટી, ડાયનોસર ચાર રસ્તા પાસે ટુ–વ્હીલર નં.જીજે.૦૫.એચ.વી.૧૮૬૭ પર પાછળ બેસીને જતાં હતા ત્યારે સામાવાળા નં.૧ તેમની માલિકીની આઈ.૧૦ ફોર–વ્હીલર નં .જીજે.૦૫.જેએચ.૩૨૬૩ પુરઝડપે, બેદરકારી પૂર્વક, ટ્રાફીકનાં નિયમોનું ઉલ્લંઘન કરીને, હોર્ન વગાડયા વિના માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી અરજદારને અડફટે લેતાં અરજદાર ગાડી પરથી નીચે રોડ ઉપર પટકાયેલ. સદર અકસ્માતથી તેમને ડાબા પગે નળાનાં

ભાગે ફ્રેકચર, જડબાનાં ભાગે જમણી બાજુથી ફાટી જતાં જડબાનું ફ્રેકચર તથા શરીરનાં અન્ય ભાગોમાં નાની મોટી ઈજાઓ થતાં સારવાર માટે પ્રથમ ગ્રીનફીલ્ડ હોસ્પીટલ, સુરત મુકામે દાખલ કરવામાં આવેલા. ત્યારબાદ વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ, સુરત મુકામે દાલખ કરવામાં આવેલા. ત્યારબાદ વધુ સારવાર માટે આનંદ સર્જિકલ એન્ડ ઓર્થોપેડિક હોસ્પિટલ, સુરત મુકામે દાખલ કરવામાં આવેલા.

સદર બનાવ અંગે સામાવાળા નં.૧ વિરૂધ્ધ ડુમસ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી.નં .૧૧૨૧૦૦૦૬૨૧૦૨૩૯/૨૦૨૧, તા.૧૦–૦૬–૨૦૨૧ થી ગુન્હો નોંધાયેલ છે.

જેનાં વળતર પેટે રૂા.૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) મેળવવા માટે અરજી કરેલ છે. અરજદારે હાલની વળતર અરજી નાદારીમાં કરેલ છે.

આજ તારીખ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ નાં રોજ સુરતનાં ઈ.ચા.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ

અને મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ (મેઈન) શ્રી ઉપેન્દ્ર એમ.ભટ્ટ સાહેબ રૂબરૂ અરજદાર

તરફે વકીલ **શ્રી ડી.પી.પટેલ** અને સામાવાળા નં. ૨ તરફે **વકીલ શ્રી પી.એન.પટેલ** ની

હાજરીમાં આખરી નિકાલ માટે નેશનલ લોક અદાલતમાં નિકળ્યા ઉપરથી કરારદાદ **આંક–૨૩**

ઉપરથી તા.૧૧–૦૨–૨૦૨૩ નાં હુકમ મુજબ એવો હુકમ કરવામાં આવે છે કે,

અરજવાળા અકસ્માત બદલ ચુકવણી માટે સામાવાળા નં.૨ ને આથી એવો હુકમ કરવામાં આવે છે કે, રૂા.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) ની રકમ ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે.

સદરહું અકસ્માત બદલ સામાવાળા નં.૨ એકમતે, એકજૂથે રૂા.૩,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) ચુકવણી માટે સામાવાળા નં.૨ ને આથી એવો હુકમ કરવામાં આવે છે કે, રૂા.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) અરજદારને ચુકવે અને આ રીતે ઉપર મુજબ નકકી થયેલી રકમની ચુકવણીથી સામાવાળા નં.૨ પોતાના આ કલેઈમ અં ગેની જવાબદારીમાંથી સંપૂર્ણ મુકત થયેલા ગણવાનાં છે. ઉપરોકત રકમમાંથી અરજદારને વચગાળાની રકમ ચુકવેલ હોય, તો તે રકમ વ્યાજસહિત બાદ કરવાની રહેશે.

સદર આ રકમની ચુકવણી થયેથી આ કલેઈમ અંગેની જવાબદારીમાંથી સામાવાળા નં.૧ થી ૨ સંપૂર્ણપણે મુકત થયેલા ગણાશે. આ કામમાં જોડાયેલા અરજદાર સિવાય બીજા કોઈનું હિત નથી.

સદરહું રકમ સામાવાળાએ એવોર્ડની સર્ટીફાઈડ નકલ મળ્યાની તારીખ થી ત્રણ માસમાં ટ્રીબ્યુનલમાં જમા કરાવવી. જો એ પ્રમાણે જમા કરાવે નહિં તો ઉપરોકત રકમ આજની તારીખ થી .....ટકા વ્યાજ સહિત ચુકવવાની રહેશે.

લીગલ સર્વિસ ઓથોરીટી એક્ટ–૧૯૮૭ ની કલમ ૨૧ મુજબ જયારે લોક અદાલતમાં કલમ–૨૦(૧) હેઠળ મુકેલ કેસોમાં સમાધાન અથવા સેટલમેન્ટ થયેલ હોય, ત્યારે એવા કેસોમાં કોર્ટ ફી એકટ–૧૮૭૦ હેઠળ ચુકવેલ કોર્ટ ફી રીફંડ કરવાની રહેશે.

કોર્ટ ફી એકટ–૧૮૭૦ ની કલમ–૧૬ ની જોગવાઈ મુજબ જયારે દાવાવાળા પક્ષકારોને સિવિલ પ્રોસીજર કોડ–૧૯૦૮ ની કલમ–૮૯ માં કરેલ કોઈપણ રીટની તકરારની સમાધાન માટે રીફર કરે ત્યારે અરજદાર એવા દાવામાં ભરેલ કોર્ટ ફી ની પુરેપુરી રકમ કલેકટર પાસેથી લેવા માટે કોર્ટમાંથી પ્રમાણપત્ર લેવાને હકદાર રહેશે. આથી આવા કેસોમાં કોર્ટ ફી વસુલાત કરવાની જરૂરિયાત રહેતી નથી, અને જો કોઈ કોર્ટ ફી રકમ જમા કરાવેલ હોય તો અરજદાર તે કોર્ટ ફી ની રકમ પરત મેળવવાને હકકદાર રહેશે.

## ORDER BELOW Exh. 1 IN M. A. C. P. No. 277/2021

[1] The compromise pursis is produced today in this Lok Adalat by the claimant/Ld. Advocate for the claimant and the Ld. Advocate for the Insurance Company, which was read over and explained to them. They admitted the same and hence the same is recorded. Award be drawn up in terms of the Compromise.

[2] Upon deposit of the amount before the Nazir of this Tribunal, it is hereby directed that the amount of medical bills of Rs. 89,617/- be paid to the claimant by A/c Payee Cheque and out of the remaining amount, 50% amount be deposited in FDR for a period of 5 years in any Nationalized Bank of the choice of the claimant as per the usual terms and conditions and 50% amount be paid to the claimant by A/c Payee Cheque after due verification.

[3] As the matter is compromised between the parties, the Court fee amount, if any, be refunded.

[4] The Insurance Company is directed to deposit the Award amount as per the direction given by the Hon'ble Supreme Court in Writ Petition(s) (Civil) No.534/2020 through RTGs or NEFT mode in the account of Additional District Judge, Surat the details of accounts are as under :-

| | | |
|---|---|---|
| Branch | : | State Bank of India,<br>Nanpura Branch, Surat |
| A/c Name | : | Additional District Judge, Surat |

A/c. No. : 40750729019

IFSC : SBIN0001388

MICR : 395002004

After deposited the awarded amount in this account, the insurance company shall inform and send the copy of said bank advice to the MACP Tribunal through email ID No.dcourt-mact-sut@gujarat.gov.in.

[5] The Applicants shall provide the details of PAN Card, Aadhar Card and Saving Bank Account for transfer of compensation as per the direction given by the Hon'ble Supreme Court in Writ Petition(s) (Civil) No.534/2020.

The conditions as regards the F.D.R. will be made at the time of withdrawal of amount.

ખર્ચ સંબંધી કોઈ હુકમ કરાવામાં આવતો નથી.

અરજદારે હાલની વળતર અરજી નાદારીમાં કરેલ છે.

અરજદારે રૂ. ૮૯,૬૧૭/– નાં મેડીકલ બીલ વિમા કંપનીમાં જમા કરાવેલ છે.

આજ **તારીખ ૧૩ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩** નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

| | | |
|---|---|---|
| | | (વિમલ કે.વ્યાસ) |
| આસીસ્ટન્ટ,<br>ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત | ડેપ્યુટી રજીસ્ટ્રાર,<br>એમ.એ.સી.ટી.બ્રાંચ,<br>ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત | એમ.એ.સી.ટી.(મેઈન) અને<br>પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ,<br>સુરત. |

અરજદાર નાં વકીલ : શ્રી ડી.પી.પટેલ
સામાવાળા નં.ર તર્ફે વકીલ : શ્રી પી.એન.પટેલ

(આ મુક્દમાના પક્ષકારોને એવી ચેતવણી આપવામાં આવે છે કે , તેઓએ રજુ કરેલા દસ્તાવેજો માહેથી અપીલનો નિકાલ થયા પછી , કોઈપણ દસ્તાવેજ લઈ જવામાં નહી આવે તો તે (દસ્તાવેજ) નાશ કરવાને પાત્ર ગણાશે.)